# ઉજ્જીવન ફાઇનાન્શિયલનો આઇપીઓ ૨૮મી એપ્રિલ ૨૦૧૬ના રોજ ખૂલશે

## પ્રાઇસબેન્ડ રૂ.૨૦૭ થી રૂ.૨૧૦ નિર્ધારિત

અમદાવાદ,તા.૨૫

ઉજ્જીવન ફાઇનાન્શિયલ સર્વિસ લિમિટેડઓનબેન્કિંગ ફાઇનેન્શિયલ કંપની માઇક્રો ફાઇનાન્સ ઇન્સ્ટીટ્યૂશન છે જેણે વર્ષ ૨૦૦૫માં નોન બેંકિંગ ફાઇ નાન્શિયલ કંપની તરીકે કામગીરી શરૂ કરી હતી. ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ સુધી ઉજ્જીવન ફાઇનાન્શિયલ કંપની ની ૪૭૦ શાખાઓ અને ૭,૮૬૨ કર્મચારિઓના નેટવર્ક મારફતે ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકો ને સેવા પુરી પાડી હતી. કંપનીનો આઇપીઓ ૨૮મી એપ્રિલ ૨૦૧૬ના રોજ ખુલશેઅને ૨૭ એપ્રિલ ૨૦૧૬ના રોજ બંધ થશે. તેની પ્રાઇઝ બેન્ડ રૂ. ૧૦ની ફેસ વેલ્યૂ ધરાવતા ઇક્વિટી શેર દીઠ રૂ. ૨૦૭ થી રૂ. ૨૧૦ છે. એન્કર ઇન્વેસ્ટર બિડ/ઓફરનો સમય ગાળો બિડ




ઓફરની ઓપનિંગ તારીખ ના એક દિવસ અગાઉ એટલે ૨૭ એપ્રિલ ૨૦૧૬ના રોજ રહેશે.આઇપીઓમાં કંપનીના કુલ રૂ. ૩,૫૮૧.૬૧ મિલિયનના નવા ઇક્વિટી શેયર ઇસ્યૂ હશે. અને એલીવર, એફએમઓ આઇએફસી આઇએફઆઇએફ એમયુસી, સર્વ કેપિટલ ડબ્લ્યુસીપી અને ડબ્લ્યૂ ડબ્લ્યૂબી દ્વારા ૨૪૯૬૮૩૩૨ ઇક્વિટી શેરની ઓફર ફોર સેલ ઇસ્યૂ હશે. બીઆરએલએમ સાથે

પરામર્શમાં કંપનીએ કુલ ૨૯૧૯૮,૩૯ મિલિયનનું મુલ્ય ધરાવતા ૧૪૨૩૫૦૫૭ ઇક્વિટી શેરનું પ્રીઆઇપીઓ પ્લેસમેન્ટ પુર્ણ કર્યુ છે. ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ ના ડ્રફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ માં જાહેર કર્યા મુજબ નવા શેરની સાઇઝમાં રૂ. ૬૫૦૦ મિલિયન મુજબ ઘટાડો નોંધાયો હતો. કંપની નવાઇસ્યુ કરાયેલા શેરમાંથી જે આવક થશે તેનો ઉપયોગ મૂડીગત આધાર વધઆરવા માટે ની યોજના ધરાવે છે. ઓફરના બીઆરએલએમ કોટકમહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ , એક્સિસ કેપિટલ લિમિટેડ, આઇસીઆઇસીઆઇ સિક્યુરીટીઝ લિમિટેડ અને આઇઆઇએફએલ હોલ્ડીંગ્સ લિમિટેડઓપરના રજીસ્ટ્રાર છે. કંપનીનો ઇક્વટી શેરનું લિસ્ટીંગ બીએસઇ અને એનએસઇ પર થશે.